## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




જે લોકો હિન્દુ નવા વર્ષમાં સુધરી ન શક્યા હોય તેમને... ઈશુના નવા વર્ષે સુધરવાની તક ફરી આવી છે...!!!

# ધો-૧૦ અને ૧ ૨ ની પરીક્ષા પાંચમી માર્ચથી

### ધો-૧૦નો પરીક્ષા કાર્યક્રમ

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૫-૩-૨૦૨૦ | ૧૦થી ૧.૧૫ | પ્રથમ ભાષા |
| ૭-૩-૨૦૨૦ | ૧૦થી ૧.૧૫ | વિજ્ઞાન અને ટેકનોલોજી |
| ૧૧-૩-૨૦૨૦ | ૧૦થી ૧.૧૫ | ગણિત |
| ૧૩-૩-૨૦૨૦ | ૧૦થી ૧.૧૫ | સામાજિક વિજ્ઞાન |
| ૧૪-૩-૨૦૨૦ | ૧૦થી ૧.૫૦ | ગુજરાતી (દ્વિતીય ભાષા) |
| ૧૬-૩-૨૦૨૦ | ૧૦થી ૧.૧૫ | અંગ્રેજી(દ્વિતીય ભાષા) |
| ૧૭-૩-૨૦૨૦ | ૧૦થી ૧.૧૫ | દ્વિતીય ભાષા |

ગાંધીનગર તા ૩૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ ૨૦૨૦ માં બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. આગામી તા ૫ માર્ચથી ધો-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડની પરીક્ષા શરૂ થશે. ગત વર્ષ કરતા આ વર્ષે બોર્ડની પરીક્ષા બે દિવસ વહેલી શરૂ થશે. શિક્ષણ બોર્ડ દ્વારા બોર્ડની પરીક્ષાનુ ટાઈમટેબલ પણ જાહેર કરી દેવાયુ છે. હાલ વિદ્યાર્થીઓની ઓનલાઈન નોંધણી સહીતની પ્રક્રીયા પણ આખરી થઈ રહી છે. ગત વર્ષે બોર્ડની પરીક્ષા પ્રમાણમાં વહેલી લેવામાં આવી હતી.જયારે માર્ચ ૨૦૨૦ માં બોર્ડની પરીક્ષા ગત વર્ષની સાપેક્ષમાં બે દિવસ અગાઉ અલબત્ત ૫ માર્ચથી શરૂ થશે. બોર્ડ કક્ષાએથી પરીક્ષાની તારીખ જાહેર કરી દેવાતા વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી તૈયારીમાં ગળાડુબ બન્યા છે. બોર્ડની કસોટીને અનુલક્ષી આખરી તબક્કામાં વિદ્યાર્થીઓ હાલ અભ્યાસમાં રીવીઝન વર્ક સહીત ડિફીકલ્ટીઝ સોલ્વ કરવા પણ મહેનત કરી રહ્યા છે. પરીક્ષાની તારીખમાં ફેરફાર થયા બાદ ગત વર્ષ દરમિયાન મેં મહીનામાં બોર્ડની કસોટીનુ પરિણામ પણ જાહેર કરી દેવાયુ હતુ. જયારે આ વર્ષે પણ પરીક્ષા વહેલી લેવાશે

### ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૫-૩-૨૦૨૦ | ૩થી ૬.૩૦ | ભૌતિક વિજ્ઞાન |
| ૭-૩-૨૦૨૦ | ૩થી ૬.૩૦ | રસાયણ વિજ્ઞાન |
| ૧૧-૩-૨૦૨૦ | ૩થી ૬.૩૦ | જીવ વિજ્ઞાન |
| ૧૨-૩-૨૦૨૦ | ૩થી ૬.૩૦ | પ્રથમભાષા, દ્વિતીય ભાષા, સંસ્કૃત, પારસી, અરબી, પ્રાકૃત |
| | ૩થી ૫.૧૫ | કોમ્પ્યુટર એજયુકેશન |
| ૧૪-૩-૨૦૨૦ | ૩થી ૬.૩૦ | ગણિત |
| ૧૬-૩-૨૦૨૦ | ૩થી ૬.૩૦ | અંગ્રેજી(પ્રથમ અને દ્વિતીય ભાષા) |

### ધો-૧૨ સામાન્ય પ્રવાહ

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૫-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | નામાના મૂળ તત્વો |
| ૬-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | આંકડાશાસ્ત્ર |
| ૭-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | તત્વજ્ઞાન |
| ૧૧-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | અર્થશાસ્ત્ર |
| ૧૨-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | ભુગોળ |
| ૧૩-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | વાણિજય વ્યવસ્થા |
| ૧૪-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | મનોવિજ્ઞાન |
| ૧૬-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | પ્રથમ ભાષા |
| ૧૭-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | હિન્દી દ્વિતીય ભાષા |
| ૧૮-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | ગુજરાતી અને અંગ્રેજી (દ્વિતીય ભાષા) |
| ૧૯-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | કોમ્પ્યુટર પરિચય |
| ૨૦-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | સંસ્કૃત, પારસી, અરબી, પ્રાકૃત |
| ૨૧-૩-૨૦૨૦ | ૩થી ૬.૧૫ | સમાજશાસ્ત્ર |

# સ્પેશિયલ બાળકોનું ‘વિશેષ’ પરફોર્મન્સ યોજાયું





ગાંધીનગરમાં મનોદિવ્યાંગ બાળકોને પધ્ધતિસરની તાલીમ આપી મુખ્યધારામાં જોડવા પ્રયાસ કરતી સંસ્થા વિશેષ એજયુકેશન સેન્ટર તથા રાજયના એચઆઈવી પોઝીટીવ નિરાધાર બાળકોનો આધાર બનતી સંસ્થા સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમને સંચાલિત કરતા જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન દ્વારા બંને સંસ્થાઓનો સંયુકત વાર્ષિકોત્સવ ટાઉનહોલ ખાતે ઉજવવામાં આવ્યો હતો. સંસ્થાના બાળકોને તાલીમ આપતા શિક્ષકો તથા સંચાલન કર્તાઓ દ્વારા મનોદિવ્યાંગ તથા સ્પેશિયલ બાળકોને માવજત સાથે તાલીમ આપી હતી. જેના પગલે બાળકોએ વાર્ષિકોત્સવ દરમિયાન એક પછી એક ચઢિયાતા પરફોર્મન્સ આપી હોલમાં ઉપસ્થિત વાલીઓ દર્શકોના દિલ જીતી લીધા હતા.

# ચેક પરત થવાના કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજા

ગાંધીનગર તા ૩૧

ચેક પરત થવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. મિત્રએ બીજા મિત્રને સામાજિક કારણોસર ઉછીના દોઢ લાખ આપ્યા હતા. જયારે આ લેંણી રકમ સંદર્ભે આપેલો ચેક પણ બેંકમાંથી પરત થયો હતો.

આ કેસની મળતી માહીતી અનુસાર શહેરના સે-૪ એ પ્લોટ નં -૫૧ :૧ માં રહેતા અજય અમૃતલાલ શ્રીમાળીએ ઓકટોબર ૨૦૧૮માં સે-૩ બી પ્લોટનં - ૨૫૩:૧ માં રહેતા તેના મિત્ર આનંદ બળદેવભાઈ પનારાએ સામાજિક કારણોસર હાથ ઉછીના દોઢ લાખ રૂપિયા આપ્યા હતા. બે મહીનાના સમય પુર્ણ થતા અજયભાઈએ આ લેંણી રકમ પરત માંગતા આનંદે દોઢ લાખ રૂપિયાનો ચેક આપ્યો હતો. આ ચેક તેમણે બેંકમાં જમા કરાવતા પુરતા ભંડોળના અભાવે પરત થયો હતો. જેના લીધે અજયભાઈએ વકીલ મારફતે આરોપીને નોટીસ મોકલાવી હતી. ત્યારબાદ પણ લેંણી રકમ ન ચુકવતા અને નોટીસનો પણ કોઈ જવાબ ન આપ્યો હતો. જેથી તેમણે વકીલ મારફતે ગાંધીનગર કોર્ટમાં ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ સાતમા ચીફ જયુ મેજી કોર્ટમાં ચાલી જતા કલમ ૧૩૮ ના ગુન્હામાં જજ કે ડી પટેલે આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. આ ઉપરાંત નવ ટકાના સાદા વ્યાજ સાથે લેંણી રકમ ચુકવી આપવા પણ આદેશ કર્યો છે. જયારે આરોપી કોર્ટમાં હાજર નહીં રહેતા બિનજામીનપાત્ર વોરંટ પણ કોર્ટે ઈસ્યુ કર્યો છે.




વિવિધ પડતર માંગણીઓના ઉકેલ સંદર્ભે સત્યાગ્રહ છાવણી ખાતે આદિવાસી માલધારી સમાજે આંદોલન શરૂ કર્યું છે. જેમાં સમાજના સભ્યો મોટી સંખ્યામાં જોડાયા છે.

# તમાકુ વિરોધી ટીમે આજે ૨૩૦૦ રૂા. દંડ વસૂલ્યો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લાના ડિસ્ટ્રીક્ટ ટોબેકો કંટ્રોલ સેલે આજે વિવિધ શાળાઓની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં છ જેટલા ગલ્લાઓ મળી આવતાં રૂા. ૨૩૦૦ જેટલોદંડ આ ગલ્લાધારકોને ફટકાર્યો છે. જિલ્લા સેલે આ સંદર્ભે જિલ્લા શાસનાધિકારીને પત્ર લખી આગળ જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે જણાવ્યું હોવાનું જાણવા મળેલ છે.

સેલ દ્વારા આજે જુદી જુદી ટીમો બનાવી કુડાસણ ગામ, પોર ગામ તેમજ સી એમ પટેલ નર્સિંગકોલેજ નજીકના આ ગલ્લાઓ જણાતાં કલમ ૬ (બી) હેઠળ દંડનીય કાર્યવાહી કરી હતી.

# ચાર તાલુકા પંચાયત બેઠકની ચૂંટણી રદ થઈ

## ગુજરાત હાઈકોર્ટે હાલ પૂરતો આદેશ આપ્યો

ગાંધીનગર, તા. ૩૧

ગુજરાત હાઈકોર્ટે પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકા પંચાયતની ૬-જીતોડા, ૭-કંબોઈ, ૧૧-લણવા, ૧૪-રણાસણ અને ૧૭-વડાવલી તથા મહેમદાવાદ તાલુકા પંચાયતની ૧૨-ખાત્રજ અને ૧૪-માંકવા મળીને કુલ ૭ તાલુકા પંચાયત બેઠકની ચૂંટણી હાલ પુરતી રદ કરી છે.

દરમ્યાન હારીજ તાલુકા પંચાયતની ૧૬-વાંસા, સતલાસણા તાલુકા પંચાયતની ૧૦-સતલાસણા, થાનગઢ તાલુકા પંચાયતની ૩-જામવાળી, બાબરા તાલુકા પંચાયતની ૧૭-ઉટવડ એમ કુલ ૪ તાલુકા પંચાયતમાં ઉમેદવારી પત્ર રજૂ થયા નથી. જ્યારે સાબરકાંઠા જિલ્લાની પોશીના તાલુકા પંચાયતની ૧૦-ગણેર, ૧૮-સેબલીયા અને સુત્રાપાડા તાલુકા પંચાયતની ૧૩-રાખેજ એમ કુલ ૩ તાલુકા પંચાયતની બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરિફ થયા છે.

# સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨૬ શાખાનું સ્નેહમિલન યોજાયું





ગાંધીનગર તા.૩૧

ગાંધીનગરના શ્રી સમસ્ત બ્રહ્મસમાજની સેક્ટર ૨૬ શાખાના બ્રહ્મપરિવારોનું વાર્ષિક સ્નેહમિલન સેક્ટર-૨૮ના જીઆઈડીસી કોમ્યુનિટી હોલ ખાતે યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પરિવારના નાના બાળકોથી લઈને વાનપ્રસ્થાન અવસ્થાના વડીલોને પસંદ પડે તેવા કન્સેપ્ટ સાથે દામ્પત્ય જીવનના જેમણે ૫૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા વડીલ દંપતીઓને બ્રહ્માકુમારી કુપલબેનના હસ્તે સાલ ઓઢાડી પુષ્પ ગુચ્છ આપી નવાજવામાં આવ્યા હતા.

લગ્નજીવનના ૫૦ વર્ષ પુરા કરનાર વડીલોના હાથે કેક કપાવી બ્રહ્મપરિવારના તમામ સભ્યોને મોં મીઠું કરાવાયું હતું. સંસ્થાના પ્રમુખ દ્વારા આ વડીલોનું શેષ જીવન સુખમય દીર્ઘાયુ બની રહે તેવી ભોળાનાથને પ્રાર્થના-શુભેચ્છા સહ સન્માનપત્ર આપવામાં આવ્યાં હતાં. બ્રહ્મ પરિવારના બાળકો દ્વારા ગીત નૃત્ય જોક્સ અને વકતવ્યો રજુ કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં નિધિ ઠાકર દ્વારા દીકરીનુ સમાજમાં મહત્વ અને આજે દીકરી ઉપર થતાં અત્યાચાર અને તેના રક્ષણ બચાવ માટે વિચારણા કરવા યોગ્ય સૂચન સાથેનું માર્મિક વક્તવ્ય તથા જયતિ વ્યાસે પર્યાવરણ માટે વૃક્ષની મહત્તા તેનું જતન અને તેની ઉપયોગીતા વિશેનું ટૂંકુ પ્રવચન સૌ માટે ધ્યાનાકર્ષક રહયુ હતું.

કાર્યક્રમમાં અતિથિ વિશેષ પ્રજાપિતા બ્રહ્માકુમારી કુપલબેને આશીર્વચન વ્યક્તવ્યમાં પરિવારના બાળકો માતા પિતા વડીલોએ પરસ્પર એકબીજાની જરૂરિયાતને સમજી તેઓ પ્રત્યેની ફરજ અને જવાબદારી અદા કરવામાં તેમના વાણી, વર્તન અને વ્યવહારથી કોઈને દુ:ખ ન થાય તેની સમજ ઉદાહરણો સાથે સમજાવી હતી.

આજના ટેકનોલોજી યુગમા યુવાનો તેમના કાર્યક્ષેત્રમાં નકારાત્મક વિચારો માંથી હકારાત્મક કેવી રીતે બને અને તેમની ઈચ્છા મુજબ સફળતા પ્રાપ્ત કરે એ માટે મેડીટેશન દ્વારા ધીરજ અને હિંમત મેળવી ચોક્કસ આગળ વધી શકાય તેવો સંદેશો આપ્યો હતો. કાર્યક્રમના સમાપને સૌએ સ્વરુચિ ભોજનના સ્વાદની મજા માણી સ્નેહમિલન સમગ્રતયા પારિવારિક બન્યાનો સૌએ અહેસાસ અનુભવ્યો હતો. કાર્યક્રમની સફળતા માટે કારોબારી તથા સલાહકાર સમિતિના સભ્યોએ મહેનત કરી હતી.

# રૂપાલ વરદાયિની હાઈસ્કૂલનો હીરક મહોત્સવ ઉજવાયો






ગાંધીનગર, તા.૩૧

રૂપાલ ગામે વરદાયિની હાઈસ્કુલના હિરક મહોત્સવ અંતર્ગત કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ ડીજેના તાલ સાથે કેળવણી કુંભ યાત્રા સમગ્ર ગામમાં પ્રદક્ષિણા કરી હતી જેનું સંચાલન શાળાના મ.શિ. શ્રી અશ્વિનભાઈ પટેલે કર્યું હતું. હીરક મહોત્સવના બંને દિવસે શાળાને ભવ્ય લાઈટીંગ રોશની કરવામાં આવી હતી જેનો લાભ વિદ્યાર્થીઓ અને ગ્રામજનોએ લીધો હતો.

પ્રથમ દિવસે વરદાયિની માતાના મંદિરેથી મહેમાનો સાથે કળશ યાત્રા નીકળી હતી. જે સભા મંડપ પંહોચી અને મહેમાનોએ દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. ઉદઘાટન બેઠકમાં પૂર્વદાતા સન્માન સમારંભના અધ્યક્ષ કાશીબેન રણછોડભાઈ જુગલદાસ પટેલ પરિવાર (અંગ્રેજી પ્રાથમિક શાળાના નામકરણના દાતા) કે.કે.પટેલ (નિરમા યુનિવર્સિટી વાઈસ પ્રેસિડેન્ટ) તેમજ મુખ્ય મહેમાન તરીકે હસમુખભાઈ પટેલ, (પ્રમુખશ્રી શ્રી રૂપાલ કેળવણી મંડળ) ગોપાલભાઈ શાહ, (મહામંત્રી રૂપાલ કેળવણી મંડળ હતા. આર્શીવચન સ્વામી અધ્યાત્માનંદજી (અધ્યક્ષ શિવાનંદ આશ્રમ, અમદાવાદ) મહારાજે પાઠવ્યા હતા. અતિથિ વિશેષ તરીકે ધારાસભ્ય સી.જે. ચાવડા, વાડીભાઈ પટેલ, પૂર્વમંત્રીશ્રી, ડો.અશ્વિનભાઈ પટેલ, સોનલબેન પટેલ (જિલ્લા સદસ્ય), સુરેશભાઈ પટેલ (તાલુકા સદસ્ય), સરપંચશ્રી રૂપાલ જશવંતભાઈ તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી ડો. ભરતભાઈ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા.

બીજી બેઠકમાં ભુતપૂર્વ વિદ્યાર્થી સંમેલન તથા વિશિષ્ટ હોદ્દો ધરાવતા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ યોજાયો જેમાં સમારંભના પ્રમુખ તરીકે વિપુલભાઈ પંચોલી માન. ન્યાયાધીશ ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ અને સમારંભના મુખ્ય મહેમાન તરીકે મનુભાઈ શાહ, યોગેશભાઈ શાહ, મનુભાઈ પટેલ (એડવોકેટ) ઉપસ્થિત રહી પ્રતિ શાળા પરિવાર, ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમારંભના મુખ્ય વકતા સાહિત્યકાર પરાજીત પટેલે ઉપસ્થિત રહી મનનીય પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શ્રી દશરથભાઈ પટેલ, (જય અંબે ક્વોરી વર્કસ સાઠંબા) રાજુભાઈ પ્રજાપતિ,(સિંહછાપ ચુનવાળા) ડો. કનુભાઈ પટેલ,(બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ) ડો.તુષારભાઈ દેસાઈ, (એમ.ડી. ગાયનોકોલોજીસ્ટ, પાટણ) રામજીભાઈ દેસાઈ (ડેપ્યુટી સેકેટરી, એફ.ડી. સચિવાલય) ઉપસ્થિત રહી કાર્યક્રમને શોભવ્યો હતો. આ પ્રસંગે શ્રી રૂપાલ કેળવણી મંડળે તમામ મહેમાનોનું શાલ અને મોમેન્ટો આપી સ્વાગત કર્યુ હતું.

તા.૨૯ ડીસે.૧૯ ગુરુગણ સન્માન અને હીરકમહોત્સવ દાતા સન્માન યોજાયો જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે ચિમનભાઈ પી. પટેલ (કેળવણી કાર) તથા સમારંભના પ્રમુખ તરીકે માન. કૌશિકભાઈ પટેલ મહેસૂલ મંત્રી, ગુજરાત સરકાર ખાસ ઉપસ્થિત રહ્યા તો મુખ્ય મહેમાન તરીકે ગિરીશભાઈ પટેલ (ચેરમેન સ્ટર્લીંગ હોસ્પિટલ અમદાવાદ) તથા રતિભાઈ પટેલ (ભોજન દાતા) બળદેવભાઈ એસ. પટેલ (ભોજન દાતા) તેમજ સમારંભના મુખ્ય વક્તા તરીકે સાહિત્યકાર રાઘવજી માધડે ખુબ જ પ્રશંસનીય માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે પ્રો.ડો. પિનાકીનભાઈ દવે (સાહિત્યકાર), બિપિનચંદ્ર શાહ (આસ્કા હોસ્પિટલ), કનુભાઈ આર. પટેલ (રૂપાલ હાલ કેનેડા) સાથે ડો.અવનીબા મોરી (નાયબ નિયામક પરીક્ષા) ગુ.મા.શિ. બોર્ડ ગાંધીનગર) સાથે શ્રીમતી તરૂલતાબેન પટેલ (આસીસ્ટંટ ડાયરેકટર કમિશનર ઓફ સ્કૂલ ગાંધીનગર) અને શ્રી નીતિનભાઈ પટેલ (કોર્પોરેટર મહાનગર પાલિકા અને પૂર્વ ગાંધીનગર ભાજપ પ્રમુખ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.